# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાંથી ભારત બહાર

નવી દિલ્હી,તા. ૧૯

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાંથી ભારત, દક્ષિણ આફ્રિકા, કોલંમ્બિયા, જર્મની અને પોર્ટુગલ તેમની બે વર્ષની અવધિ પૂર્ણ થતા આ તમામ દેશ બહાર થઈ ગયા છે. જ્યારે રવાન્ડા, ઓસ્ટ્રેલિયા, આર્જેન્ટિના, લકજમબર્ગ અને દક્ષિણ કોરિયા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના નવા સભ્ય તરીકે ઉભરી આવ્યા છે. આ તમામ નવા અસ્થાયી સભ્યો તરીકે પસંદ કરાયા છે. નવ સભ્યોમાં આફ્રિકી દેશ રવાન્ડાની પસંદગી તમામને હેરાન કરે તેવી છે. છેલ્લા થોડાક દિવસ પહેલા આવેલા અહેવાલમાં જણાવાયું હતું કે રવાન્ડાના સંરક્ષણ પ્રદાન પડોશી દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં એક બળવાખોર જુથનું નેતૃત્વ કરી રહ્યા છે. રવાન્ડાને આફ્રિકા ક્વોટામાંથી બિન હરીફ ચૂંટી કાઢવામાં આવતા આને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ હતી. રવાન્ડા હવે દક્ષિણ આફ્રિકાની જગ્યા લેશે. ૧૯૩ સભ્યોની સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રવાન્ડા ૧૪૮, આર્જેન્ટિના ૧૮૨, ઓસ્ટ્રેલિયા ૧૪૦ અને લકઝમબર્ગ ૧૩૧ અને દક્ષિણ કોરિયા ૧૪૯ વોટ મેળવીને સુરક્ષા પરિષદના સભ્યો બની ગયા છે. જ્યારે કમ્બોડિયા, ભુટાણ અને ફિનલેન્ડ સુરક્ષા પરિષદમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંયક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કુલ ૧૫ સભ્યો હોય છે. જેમા પાંચ કાયમી સભ્યો અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન કાયમી સભ્ય છે. તેમની પાસે વીટો પાવર છે. આ ઉપરાંત બીકીના ૧૦ સભ્યો અસ્થાયી રહે છે. અસ્થાયી સભ્યો તરીકે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં બે બે વર્ષ માટે દેશોની પસાંદગી કરવામાં આવે છે. ગુરૂવારે પસંદગી કરવામાં આવેલા પાંચ સભ્યોની અવધિ પહેલી જાન્યુઆરી ૨૦૧૩થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ સુધીની રહેશે. ગુરૂવારે મતદાન પહેલા કોંગોના પ્રતિનિધીએ રવાન્ડાને સભ્ય તરીકે બનાવવા સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. આગામી દિવસોમાં પણ આને લઈને હોબાળો રહે તેવી વકી છે. ભારતે હમેંશા કાયમી સભ્ય બનાવવા માટેની રજૂઆત કરી છે. રશિયા અને બ્રિટન જેવા દેશોએ ટેકો પણ આપ્યો છે પરંતુ આની સામે ચીન અને અમેરિકાએ વાંધા ઉઠાવ્યા છે.

## સમાચાર ઝલક

- સૂરતમાં ૨૭ કરોડનું કાણું નાણું ઝડપાયું.
- પૂર્વ ગૃહમંત્રી અમિત શાહને સુપ્રીમકોર્ટની રાહત.
- અમદાવાદમાં વાઇબ્રન્ટ ગરબામાં આર્મીમેનો દારૂનાં નશામાં ઝડપાયા.
- સીરિયામાં ૧૮ માસમાં ૨૮,૦૦૦ વ્યક્તિઓ ગુમ થયા.
- ભૂમિ અધિગ્રહણ બીલ સામે દેખાવો.
- ઉત્તરપ્રદેશમાં તેલ માફિયાઓનો ત્રાસ.
- વડોદરામાં છાત્ર રેગિંગ મામલે ૪ વ્યક્તિઓની ધરપકડ.
- ઇન્દિરા ગાંધી વિધવા પેન્શનર તથા વિકલાંગ પેન્શનરમાં વધારો કરાયો.
- અંજલિ દામણીયા સામે પમ જમીન કૌભાંડ.
- ગંગાનગર હોસ્પિટલમાં ૧૦૦ કરોડની દાનની ઇચ્છા વ્યક્ત કરતા દાતા.
- ગ્રીસમાં આર્થિક કટોકટી, આગ-લૂંટફાટ અને દેખાવોનાં બનાવો.
- લંડનમાં શરીરથી જોડાયેલ જોડીયા બહેનાના ઓપરેશન સફળ તંદુરસ્તી સારી.
- ત્રણેય સેના પ્રમુખોએ વડાપ્રધાન મનમોહનસિંહની સાથે મુલાકાત કરી.
- મહારાષ્ટ્રમાં ડુંગળીના ભાવોમાં વધારો થયો.
- અણ્ણા હજારે પુરાં દેશનો જાન્યુઆરીમાં પ્રવાસ શરૂ કરશે.

**શિક્ષણ બિલને લઇને આશાવાદી**

## ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં જે તકલીફ છે તે વહેલી તકે દુર કરવાની જરૂર : કપિલ સિબ્બલ

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ પ્રધાન કપિલ સિબ્બલે આજે કબુલાત કરી હતી કે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં જે તકલીફ છે તે વહેલી તકે દુર કરવાની



જરૂર છે. તેમણે કહ્યું હતુ કે ચાવીરૂપ પેન્ડિગ કાયદાઓને મંજૂરી આપ્યા વગર ઉચ્ચ શિક્ષણના મૂળ હેતુ પૂર્ણ કરી શકાશે નહી. તેમણે એક્રિડેશન બિલ, અનફેર પ્રેકટીસ બિલ, અને ફોરેન એજ્યુકેશન બિલનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. દિલ્હીમાં એક કાર્યક્રમના ભાગરૂપે તેમણે કહ્યું હતું કે જ્યા સુધી આ બિલને મંજૂર કરવામાં આવસે નહી ત્યાં સુધી યુનિવર્સિટી અને કોલેજો સ્થાપિત કરવા વિદેશી કંપનીઓ અને ખાનગી કંપનીઓને આમંત્રણ આપવાની વાત યોગ્ય રહેશે નહી.તેમણે આશા વ્યક્ત કતરી હતી કે પરિસ્થિતીને ધ્યાનમાં લઈને વિરોધ પક્ષો શિયાળુ સત્રમાં આ શિક્ષણ બિલોને ટેકો આપશે. તેમણે કહ્યું હતુ કે સરકાર ઉચ્ચ શિક્ષણ માટેની માંગણીને એકલી રીતે પૂર્ણ કરી શકશે નહી. કારણ કે વર્ષ ૨૦૨૦ સુધી ૪૫ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં જતા થઈ જશે. તેમણે વિરોધ પક્ષોની જોરદાર ટિકા કરી હતી અને કહ્યું હતું કે બિલ પર ચર્ચા પણ થઈ શકી નથી.

# કેરળના વિમાની મથકે પ્લેન હાઇજેક ડ્રામાથી ભાગદોડ

થિરુવનંતપુરમ,તા. ૧૯

કેરળના થિરુવનંતપુરમ વિમાનીમથકે આજે જોરદાર ડ્રામાની સ્થિતી સર્જાતા તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસનુ વિમાન અબુ ધાબીથી કોચી આવી રહ્યું હતું. પાઈલોટે છેલ્લી ઘડીએ વિમાનને ડાયવર્ટ કરીને થિરૂવનંતપુરમમાં ઉતારી લેતા કેટલાક યાત્રી ભારે નારાજ થયા હતા. કેટલાક યાત્રી નારાજ થઈને વિમાનના કોકપીટમાં ઘુસી ગયા હતા. યાત્રીઓ કોકપીટમાં આવી જતા પાઈલોટે હાઈજેક એલર્ટ મોકલી દેતા તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઇ હતી. એલર્ટના સમાચાર મળતાની સાથે જ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને એર ટ્રાફિક કન્ટ્રોલના અધિકારી તરત સક્રિય થઈ ગયા હતા. આ તમામે તરત વિમાનને ચારેબાજુથી ઘેરી લઈને વધુ તપાસ હાથ ધરી હતી. વિમાનના યાત્રીઓને આ બનાવના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવો




પડ્યો હતો. સમગ્ર બનાવમાં ડીજીસીએ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન કોચી આવી રહ્યું હતું. મૂળ સ્થળના બદલે વિમાનને થિરૂવનંતપુરમ ઉતારી લેવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. આના કારણે વિમાની યાત્રીઓને ભારે અપમાનની સ્થિતીનો સામનો કરવો પડ્યો હતો. સુત્રોએ કહ્યું છે કે હવામાન ખરાબ હોવાના કારણે વિમાનને છેલ્લી ઘડીએ ડાયવર્ટ કરીને થિરૂવનંતપુરમમાં ઉતારી દેવામાં આવ્યું હતું. ફ્લાઈટના ઉડાણમાં આશરે ત્રણ કલાકનો વિલંબ થયો હતો. આ કારણે યાત્રી ખુબ નારાજ હતા. કેટલાક નારાજ યાત્રી કોકપીટમાં ઘુસી ગયા હતા. પાઈલોટે તરત હાઈજેક એલર્ટ મોકલી દેતા આ સ્થિતી સર્જાઇ હતી. અલબત્ત વિમાનના યાત્રીઓએ કોકપીટનો ઘુસવાનો ઈન્કાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે કોકપીટના દરવાજા પર તેમની બોલાચાલી ચોક્કસપણે થઈ હતી. પરંતુ કોકપીટમાં ઘુસવાના કોઈ પ્રયાસ કરવામાં આવ્યા ન હતા. યાત્રીઓએ થોડાક સમય માટે વિલંબ થવા બદલ ચોક્કસપણે પયિદા કરી હતી.

# તહેવારમાં ચાંદીના સિક્કાની માંગમાં ઉલ્લેખનીય વધારો

નવી દિલ્હી,તા.૧૯

દિવાળી આડે થોડાક દિવસ રહ્યા છે ત્યારે આ વખતે જ્વેલર્સને ચાંદીના સિક્કાઓ માટેની માંગ વધારે મળી રહી છે. સોનાની કિંમત ૩૧૦૦૦થી ઉપર પહોંચી જતા બજેટ રિટેલ ગ્રાહકોથી લઈને કોર્પોરેટ સુધીના લોકોમાં ચાંદીના સિક્કાઓ માટેની માંગ વધી ગઈ છે. ચાંદીના ભાવમાં હજુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં સૌથી જૂના જ્વેલરી બજાર દરીબાના જ્વેલર્સ રતનચંદ જ્વાલાનાથના માલિક તરુણ ગુપ્તાએ કહ્યું છે કે આ વર્ષે ૮૦ ટકા ગ્રાહક ચાંદીના સિક્કાઓની માંગ કરી રહ્યા છે જ્યારે ગયા વર્ષે આની સંખ્યા ૪૦થી ૫૦ ટકા હતી. ચાંદીના સિક્કા ૧૦ ગ્રામથી લઈને ૫૦૦ ગ્રામના વજનના છે. આ સિક્કા ૫, ૧૦, ૫૦, ૧૦૦,



૨૦૦ અને ૫૦૦ ગ્રામમાં ખરીદવામાં આવી શકે છે. આ સિક્કાઓ પર લક્ષ્મી અને ગણેશના ચિત્રોની સાથે સાથે અન્ય આકર્ષક ડિઝાઈનો પણ છે. દરીબા એસોસિએશનના અધ્યક્ષ નિર્મળ જૈને કહ્યું છે કે સોનાના સિક્કાની માંગમાં હજુ તેજી જોવા મળી રહી નથી પરંતુ ચાંદીના સિક્કાઓ માટે ઓર્ડર મળી રહ્યા છે. નવરાત્રીના પ્રથમ દિવસે એટલે કે મંગળવારના દિવસે દિલ્હીમાં ૧૦૦ ગ્રામ સોનાની કિંમત ૨૫૫ રૂપિયા ઘટીને ૩૧૨૬૦ રૂપિયા થઈ ગઈ હતી. ચાંદીની કિંમતમાં છેલ્લા ત્રણ દિવસમાં ૧૧૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. છેલ્લા થોડાક દિવસમાં સોના અને ચાંદીની કિંમતમાં આંશિક ઘટાડો થયો છે. જ્વેલર્સ અને ગ્રાહકો બંને હાલમાં વેટ એન્ડ વોચની પોલીસી ઉપર મક્કમ છે. એકબાજુ જ્વેલર્સનું કહેવું છે કે તેઓ ગ્રાહકોના બજેટને ધ્યાનમાં લઈને સિક્કાઓની કિંમતની જગ્યાએ સોના અને ચાંદીની કિંમતની આધાર પર સ્ટોક વેચી રહ્યા છે. સામાન્ય રીતે સિક્કાઓની કિંમત સોના અને ચાદીના બજાર કિંમતો કરતા વધારે હોય છે. સદર બજારમાં ગુપ્તા જ્વેલર્સના માલિક રતનચંદ ગુપ્તાનું કહેવું છે કે અમે ગ્રાહકોને ચાંદીની કિંમત ઉપર સિક્કા વેચી રહ્યા છીએ. આ સિક્કાઓ દોઢ વર્ષ પહેલાંની કિંમત પર ખરીદવામાં આવ્યા હતા. નવરાત્રીમાં કોર્પોરેટ તરફથી ચાંદીના સિક્કાઓની માંગ આવી છે.

## નોકરીની જગ્યાએ સતામણીને રોકવા સમિતી રચનાનો આદેશ

નવી દિલ્હી,તા. ૧૯

વર્ષ ૧૯૯૭માં તેના વિશાખા ચુકાદની પરિભાષાને વધુ વિસ્તૃત બનાવીને સુપ્રીમ કોર્ટે આજે જુદા જુદા પ્રોફેશનને રેગ્યુલેટ કરતા બીસીઆઈ અને એમસીઆઈ જેવી તમામ રેગ્યુલેટરી સંસ્થાઓને કામની જગ્યાએ જાતિય સતામણીના તમામ કેસોને હાથ ધરવા અને આવા બનાવોને રોકવા માટે એક સમિતીની રચના કરવાનો આજે આદેશ કર્યો હતો. જસ્ટીસ આરએમ લોધાના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે બે મહિનાની અંદર વિશાખા કેસમાં ઘડી કાઢવામાં આવેલી માર્ગદર્શિકાને અમલી બનાવવા તમામ રેગ્યુલેટિંગ સંસ્થાઓ અને તેમની સાથે જોડાયેલી અન્ય કંપનીઓને આદેશ કર્યો હતો. જુદી જુદી અન્ય સંસ્થાઓને સામેલ કરવા માટે વર્ષ ૧૯૯૭માં તેના ચુકાદાને વધુ વિસ્તૃત બનાવવા આદેશ આપવાની માંગ કરીને મેધા કલવાલ દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી.



આ અરજી પર સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે આ આદેશ જારી કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૭માં સુપ્રીમ કોર્ટે પીએસયુ અને સરકારી વિભાગોમાં નોકરીની જગ્યાએ જાતિય સતામણીના કેસોને હાથ ધરવા માર્ગદર્શિકા જારી કરી હતી. માર્ગદર્શિકામાં સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યં છે કે જાતિય સતામણીના કેસોને રોકવા દરેક કંપની અને જવાબદાર લોકોની જવાબદારી છે. નોકરીની જગ્યાએ કોઈ પણ બનાવ બને તો તેવી સ્થિતીમાં દંડ કરવાની વાત પણ આમાં કરવામાં આવી છે. ખાનગી કંપનીઓને પણ આ ધારાધોરણોને પાળવા કહેવામાં આવ્યું હતું.

**જંગી ખરીદીને સરકારે લીલીઝંડી આપી**

# સશસ્ત્રદળો માટે ૮,૦૦૦ કરોડની મિસાઈલ મેળવાશે

નવી દિલ્હી,તા.૧૯

સરંક્ષણના ક્ષેત્રમાં ભારત અતિ ઝડપથી આગળ વધી રહ્યું છે. સુરક્ષા અંગેની કેબિનેટ સમીતિએ સશસ્ત્રદળો માટે ૮૦૦૦ કરોડ રૂપિયા મિસાઈલ ખરીદી માટે મંજૂર કરી દીધા છે. રશિયા પાસેથી ૧૦,૦૦૦ ઈનવાર મિસાઈલો મેળવવા માટે મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત સૈના માટે ટી-૯૦ ટેન્ક અને ૨૦૦થી વધુ બ્રહ્મો સુપર સોનિક ક્રુસ મિસાઈલ મેળવવાની દિશામાં આગળ વધવામાં આવશે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં મળેલી સુરક્ષા અંગેની કેબિનેટ સમીતિની બેઠકમાં બે સર્વિસ માટે આ મિસાઈલો ખરીદવાના નિર્ણયને લીલીઝંડી આપવામાં આવી હતી. નજીકના સૂત્રોએ આ અંગેની માહિતી આપવામાં આવી છે. આઈએએફની દરખાસ્ત આઈએએફ માટે બ્રહ્મોસ મિસાઈલ ખરીદવા ૬૦૦૦ કરોડ રૂપિયાની હતી. રશિયન બનાવતના સુખોઈ-૩૦ એમકેઆઈ વિમાનો ખરીદવામાં આવશે. યોજના મુજબ દરેક બાબત ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે.

ભારત અને રશિયા દ્વારા સંયુક્ત રીતે વિક્સિત કરાયેલ સુપર સોનિક ક્રુઝ મિસાઈલની એર લોન્ચ આવૃત્તિનું પ્રથમ પરીક્ષણ ડિસેમ્બરના અંત સુધી કરવામાં આવે તેવી શક્યતા છે. બ્રહ્મોસ મિસાઈલ ખૂબ જ બહુ હેતુવાળી છે. સૈના માટે ટી-૯૦ ટેન્ક માટે મિસાઈલો મેળવવાની દરખાસ્ત હેઠળ ૧૦,૦૦૦ મિસાઈલો રશિયન કંપની પાસેથી ખરીદવામાં આવશે. ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી હેઠળ ભારત ડાયનામિકસ લિમિટેડ દ્વારા ૧૫૦૦૦ મિસાઈલો તૈયાર કરવા લાઈસન્સ માટે સમજૂતી થઈ ચૂકી છે. માર્ચ મહિનામાં વડાપ્રધાન મનમોહનસિંહને તત્કાલીન સેનાના વડા વી કે સિંહે પત્ર લખ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે મોટા પ્રમાણમાં દારૂગોળો ખૂટી રહ્યો છે. કેટલીક યુનિટો દ્વારા અછત હોવાની વાત કરવામાં આવી ચૂકી છે. ભારતના પડોશી દેશો ખાસ કરીને ચીન અને પાકિસ્તાન દ્વારા સરંક્ષણ ક્ષેત્રમાં ઝડપી પ્રગતિ કરાઈ રહી છે ત્યારે ભારત પણ પાછળ રહેવા ઈચ્છુક નથી.

**એક અનોખી સામાજીક ચિંતન શિબિર**

(પાના નં. ૪ નું ચાલુ)

ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખ પોપટલાલે તેમનાં વક્તવ્યમાં જણાવ્યું કે વડીલો ઉદારતા બતાવવા ગયા અને યુવાનોએ તેનો ગેરલાભ ઉઠાવ્યો. ફક્ત ૧૫ કે ૨૦ મિનિટની ખાનગી મુલાકાતમાં કોઇ પણ વ્યક્તિની સંપૂર્ણ ઓળખ થઇ શકે નહીં. ફક્ત બાહ્ય સુંદરતા અને ટાપટીપથી અંજાઇ જતાં યુવાનો ખાનદાની અને ચારિત્ર્યને વધુ મહત્ત્વ આપતા નથી. લગ્ન સંબંધો તૂટવાનું કારણ યુવાનોમાં સહનશીલતાનો અભાવ, સમર્પણની ભાવનાનો અભાવ, જતુ કરવાની ભાવના બિલકુલ નહીં. એકબીજાનો આદર કરવાને બદલે અહમ્ નો ટકરાવ... પરિણામે લગ્ન જીવન એક મજાક બની ગયું છે. તેની ગંભીરતા સમજતા નથી અને સાવ સામાન્ય બાબતોમાં છૂટાછેડા થાય છે. વડીલોની વેદના અને યુવાનોને શિખામણનાં બોલ શાયરીના અંદાજમાં તેમણે વ્યક્ત કર્યા. કેટલીક બહેનોએ પણ પોતાના વિચારો વ્યક્ત કરી પતિરાજ તરફ ફરિયાદો વ્યક્ત કરી. પતિઓ કાયમ હુકમ જ બજાવવાને બદલે પત્ની સાથે પ્રેમભર્યો વ્યવહાર કરે તો સંસાર હર્યો ભર્યો બને. ગોઝારિયા ગામનાં આજુબાજુના ગામડામાંથી બહેને ટ્રેકટર દ્વારા આ શિબિરમાં પધારી સમાજની સમસ્યાઓ પ્રત્યે એક નવો જ અભિગમ શરૂ કરી દરેક સમાજને આ દિશામાં જાગૃત થવાની પ્રેરણા આપી.

એક દીકરી અપેક્ષાએ એક પાત્રિય અભિનય દ્વારા ખુબ સુંદર રજૂઆત કરી કે ખોટા પાત્ર સાથે પ્રેમલગ્ન કરી જીવનમાં કેવું પસ્તાવું પડે છે. ઉજળું બધું દૂધ ન હોય જીવનસાથીની પસંદગીમાં ખુબ સાવધાની રાખવી જોઇએ. બીજી એક દીકરીએ સ્ત્રીભ્રુણ હત્યાના અભિનય દ્વારા નહિ જન્મેલી દીકરીની મનોવેદના ખુબ કરૂણ સભર રજૂ કરી સૌને આ દિશામાં વિચારતાં કરી દીધા. વર્તમાન સમયમાં દરેક સમાજને સ્પર્શતી બાબતોમાં જાગૃતિ લાવવાનો એક સુંદર અભિગમ રજૂ કરી ગોઝારિયા દંઢાવ્ય છાસઠ પ્રજાપતિ સમાજે એક નવી જ પહેલ કરી છે. નથી લાગતું કે દરેક સમાજે આ સમસ્યાઓ પ્રત્યે કંઇક ગંભીર બનવાની જરૂર છે?

# ગાવાસ્કરના સ્થાનિક રેકોર્ડને તોડવા સચિન તેંડુલકરને તક

લખનૌઉ,તા.૧૯

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે સ્થાનિક ક્રિકેટમાં ફરી રમવાનો નિર્ણય કરતા આંકડામાં વધુ ધ્યાન આપતા ક્રિકેટ ચાહકોમાં એવી આશા વધી ગઈ છે કે માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન ભારતમાં બે સૌથી લાંબા ગાળાના ફર્સ્ટ ક્લાસ રેકોર્ડને તોડવા તક ધરાવે છે. સચિન તેંડુલકર ભારત તરફથી ૮૧ ફર્સ્ટ ક્લાસ સદી ફટકારવાના મહાન ખેલાડી સુનિલ ગાવાસ્કરના રેકોર્ડને તોડવાથી ચાર સદી દૂર છે અને દેશમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામ ઉપર કરવા સચિન ૧૩૮૩ રનની જરૂર છે પરંતુ સચિન માટે સમય ખૂબ ઓછો રહ્યો છે. તેંડુલકર ટેસ્ટ અને વન-ડેમાં તમામ રેકોર્ડ પોતાના નામ ઉપર ધરાવે છે પરંતુ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની વાત છે ત્યાં સુધી ગાવાસ્કરથી પાછળ છે. સુનિલ ગાવાસ્કરે ૩૪૮ ફર્સ્ટ ક્લાસ મેચો રમી હતી જેમાં ૨૫૮૪૩ રન બનાવ્યા છે અને ૮૧ સદી ફટકારી છે જે ભારતીય બેટ્સમેન માટેનો રેકોર્ડ છે. બીજી બાજુ સચિને ૨૯૪ ફર્સ્ટ ક્લાસ મેચો રમી છે. ઉપરાંત ૧૯૦ ટેસ્ટ મેચોનો સમાવેશ થાય છે. સચિને ફર્સ્ટ ક્લાસમાં ૨૪૪૫૨ રન કર્યા છે અને જેમાં ૭૮ સદી સામેલ છે અને તે ગાવાસ્ક બાદ બીજા સ્થાને છે. સચિન પોતે પણ માને છે કે હવે તેની પાસે વધારે સમય રહ્યો નથી. સચિન હવે ટેસ્ટ ક્રિકેટ પર વધુ સમય સુધી રમી શકશે નહીં. આગામી એપ્રિલમાં તે ૪૦ વર્ષનો થશે. સચિન ૧૯૦ ટેસ્ટ મેચ રમી ચૂક્યો છે. મર્યાદિત સમયમાં તે ચાર વધુ સદી અને ૧૩૮૨ રન કરી શકશે કે કેમ તે મોટો પ્રશ્ન થઈ ગયો છે. છેલ્લા બે વર્ષમાં સચિને માત્ર એક ટેસ્ટ સદી ફટકારી છે જ્યારે તેની છેલ્લી ફર્સ્ટ ક્લાસ સદી જાન્યુઆરી ૨૦૦૯માં રણજીત ટ્રોફી સેમીફાઈનલમાં સૌરાષ્ટ્ર સામે આવી હતી. તેંડુલકર હાલમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમી રહ્યો નથી. તે વન-ડેમાંથી પણ મોટાપાયે નિવૃત્તિની સ્થિતિમાં છે. ખૂબ પસંદગીની વન-ડે રમી રહ્યો છે. સચિને ટેસ્ટ મેચોમાં ૫૧ સદી ફટકારી છે. ગાવાસ્કરે ૩૪ ટેસ્ટ સદી ૧૨૫ ટેસ્ટ મેચોમાં કરી હતી. જ્યારે કુલ ૮૧ સદી ફર્સ્ટ ક્લાસમાં કરી હતી. ગાવાસ્કરે પોતાની કેરિયરમાં અનેક યાદગાર ઈનિંગ્સો રમી હતી. તેંડુલકરની ૭૮ સદીઓમાં ટેસ્ટ મેચોમાં ૫૧, રણજીત ટ્રોફીમાં ૧૬, ઓસ્ટ્રેલિયન સામે ટૂર મેચમાં મુંબઈ તરફથી એક, દિલીપ ટ્રોફીમાં વેસ્ટ ઝોન તરફથી ૩ અને વિદેશી ટૂર મેચમાં ભારતીયો માટે પાંચ સદી તથા ઈરાની કપમાં રેસ ઓફ ઈન્ડિયા તરફથી એક સદી અને કાઉન્ટ્રી ક્રિકેટમાં યોર્કશાયર તરફતી એક સદીનો સમાવેશ થાય છે.

# સુપ્રીમ કોર્ટે સહારા ગ્રુપને કોઈ રાહત ન આપી

નવી દિલ્હી,તા. ૧૯

સુપ્રીમ કોર્ટે આજે માર્કેટ રેગ્યુલેટર સેબીની અરજી પર સુનાવમી ચલાવતી વેળા મહાકાય સહારા ગ્રુપને કોઇ રાહત આપી ન હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જો સહારા ગ્રુપ જે રોકાણકારો પાસેથી ૨૪,૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવ્યા છે તેની માહિતી આપશે નહી તો સેબી કાર્યવાહી કરી શકે છે. આવી સ્થિતીમાં સેબીને કાર્યવાહી કરવાનો પૂર્ણ અધિકાર છે.

સુપ્રીમ કોર્ટે મુડીરોકાણકારો સાથે જોડાયેલા દસ્તાવેજો સેબીની સમક્ષ રજૂ કરવા અને સમય આપવાના મામલે સહારાની મૌખિક અપીલને ફગાવી દીધી હતી. સેબીએ અરજી દાખલ કરીને આક્ષેપ કર્યો હતો કે સહારા ગ્રુપ સર્વોચ્ચ અદાલતના ૧૦મી સપ્ટેમ્બરના આદેશ છતાં મુડીરોકાણકારો સાથે સંબંધિત માહિતી તેને આપી રહ્યું નથી. જ્યારે સહારા ગ્રુપે કોર્ટમાં ખાતરી આપી હતી કે તે પોતાની બે કંપનીઓ દ્વારા કન્વર્ટેબલ ડિબેન્ચર મારફતે મુડીરોકાણકારો પાસેથી એકત્રિત કરવામાં આવેલી જંગી રકમ તેમને ત્રણ મહિનામાં પરત કરી દેશે. જો કે સુપ્રીમ કોર્ટે તેની મૌખિક વાત સ્વીકારી ન હતી. કોર્ટે આ કંપનીઓની સામે શેરબજાર રેગ્યુલેટર સેબી દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને યોગ્ય ગણાવીને કહ્યું હતું કે વ્યાજ સાથે રોકાણકારોના નાણાં આપવાના આદેશ પહેલાથી જ જારી કરવામાં આવી ચુક્યા છે.

## ડેક્કન ચાર્જર્સની હકાલપટ્ટી સામેની અપીલને ફગાવાઈ

મુંબઈ, તા. ૧૯

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમીયર લીગ (આઈપીએલ)માંથી ફ્રેન્ચાઈઝી ડેક્કન ચાર્જસની સફરનો આજે અંત આવી ગયો હતો. બીસીસીઆઈ દ્વારા કરવામાં આવેલી હકાલપટ્ટી સામેની અરજી સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દેતા ડેક્કન ચાર્જસની આઈપીએલમાં ચાલુ રહેવાનો અંતિમ પ્રયત્ન પણ નિષ્ફળ ગયો છે. ગઈકાલે બોમ્બે હાઈકોર્ટ બીસીસીઆઈની અરજી પર ડેક્કન ચાર્જસની હકાલપટ્ટી પર સ્ટે આપવાનો ઈનકાર કરી દીધો હતો. જેથી આજે તેણે સુપ્રીમમાં કરેલી અરજીમાં ૨૫મી ઓકટોબર સુધી મુદત લંબાવવા માંગ કરી હતી. પરંતુ અરજી ફગાવી દેવાતા ૨૦૦૯ની ચેમ્પિયન ડેક્કનની સફરનો અંત આવી ગયો છે.

બીસીસીઆઈ દ્વારા ડેક્કન ચાર્જર્સને સસ્પેન્ડ કરવાના નિર્ણય પર યથાસ્થિતિ જાળવી રાખવાના આદેશને બોમ્બે હાઈકોર્ટે ગઈકાલે રદ કરી દીધો હતો. જેનો સીધો અર્થ એ છે કે આઈપીએલમાં તેની હકાલપટ્ટી કાયમ રહેશે. બીસીસીઆઈની અરજી પર સુનાવણી કરતા ન્યાયાધીશ આર ડી ધનુકાએ યથાસ્થિતિ જાળવી રાખવાના આદેશને રદ કરી દીધો હતો. બીસીસીઆઈ અને ડેક્કન કોનિકલ હોલ્ડીંગ્સ લિમિટેડ (ડીસીએચએલ)ના વિવાદનો ઉકેલ લાવવા હાઈકોર્ટે મધ્યસ્થની નિમણુંક કરી હતી. ડીસીએચએલ એ પોતાની આઈપીએલ ફ્રેન્ચાઈઝીનો કરાર રદ કરવા વિરુદ્ધ અન્ય અરજી પર કોર્ટે વચગાળાની રાહત આપવાનો પણ ઈન્કાર કરી દીધો હતો. પરંતુ કહ્યું હતું કે, હકાલપટ્ટી કાયદેસરતા મધ્યસ્થીના નિર્ણય પર રહેશે. આ બાંને અરજીઓ પર કોર્ટના આદેશનો અર્થ એ છે કે ડેક્કન ચાર્જર્સની આઈપીએલ સામ્યતા રદ કરવાનો નિર્ણય કાયમ રહેશે. સુપ્રીમ કોર્ટના સેવા નિવૃત્ત જજ સી. કે. ઠક્કરને મધ્યસ્થી તરીકે નિમાયા છે. તેમણે ગત સપ્તાહે યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ કર્યો હતો. ત્યાર બાદ બીસીસીઆઈએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. ન્યાયાધીશ ધનુકાએ કહ્યું હતું કે, મધ્યસ્થીને યથાસ્થિતિ જાળવી રાખવાનો નિર્ણય આપવાનો કોઈ અધિકાર નથી. ૧૨મી ઓક્ટોબરના દિવસે હાઈકોર્ટે ૧૦૦ કરોડ રૂપિયાની બેંક ગેરંટી જમા કરવા માટે સમય લંબાવવાની માંગ ફગાવી દીધી.